RAN-2408000603040001

# RAN-2408000603040001

## S.Y. B.Com. (Sem. - III ) Examination November - 2025

## Gujarati - AEC : Bhasha Samarthya ane Jivan Kaushal

**Time: 1 Hour ]** **[ Total Marks: 25**

**સૂચના : / Instructions**

(1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fill up strictly the above details on your answer book.

Seat No.:

Student's Signature

**પ્ર. 1. ટૂંકમાં જવાબ આપો (કોઈપણ પાંચ)** **(10)**

1. જોડણી એટલે શું?
2. કોઈપણ ત્રણ તદ્‌ભવ શબ્દો આપો.
3. ગુજરાતીમાં સીધે સીધા વપરાતા કોઈપણ ત્રણ સંસ્કૃત તત્સમ શબ્દો આપો.
4. વિશેષણના કેટલા પ્રકાર છે? કયા કયા?
5. ક્રિયા વિશેષણ એટલે શું?
6. સંશયવાચક ક્રિયા વિશેષણ એટલે શું?
7. 'આજ અંધાર' – કાવ્યના કવિ કોણ છે?

**પ્ર. 2. અ. ટૂંકનોંધ લખો (કોઈપણ એક)** **(05)**

1. તદ્‌ભવ શબ્દની વ્યાખ્યા અને બે નિયમો
2. તત્સમ શબ્દની જોડણીના ત્રણ નિયમો

**બ. ટૂંકનોંધ લખો (કોઈપણ એક)** **(05)**

1. સંખ્યાવાચક વિશેષણની વ્યાખ્યા અને પ્રકારો
2. ક્રિયા વિશેષણના કોઈપણ બે પ્રકાર

**ક. નીચેના કાવ્યનું રસદર્શન કરો (કોઈપણ એક)** **(05)**

**1. માણસ**

રમતાં રમતાં લડી પડે ભૈ, માણસ છે;
હસતાં હસતાં રડી પડે ભૈ, માણસ છે;
પહાડથીયે કઠણ મક્કમ, માણસ છે;
દડ દડ દડ દડ દડી પડે ભૈ માણસ છે;
ચંદર ઉપર ચાલે ચપ ચપ માણસ છે;
ને બે ડગલે ખડી પડે ભૈ માણસ છે;
સૂર્યવંશીનો પ્રતાપ એનો માણસ છે;
ભર બપોરે ઢળી પડે ભૈ, માણસ છે;
પૂજાવા ઝટ થયા પાળિયા, માણસ છે;
ટાણે ખોટ્યું પડી પડે, ભૈ માણસ છે.

જયંત પાઠક

**2. જઠરાગ્નિ**

રચો, રચો, અંબરચુંબી મંદિરો
ઊંચા ચણો મ્હેલ, ચણો મિનારા !
મઢો સ્ફટિકે, લટકાવો ઝુમ્મરો,
રંગે ઉડાવો જળના ફુવારા !

રચો, રચો ચંદનવાટિકાઓ,
ઊંડા તણાવો નવરંગ ઘુમ્મટો
ને કૈક ક્રિડાગણ, ચંદ્રશાળા
રચો ભલે !

અંતર રૂંધતી શિલા
એ કેમ ભાવિ બહુ કાળ સાંખશે?
દરિદ્રની એ ઉપહાસલીલા
સંકેલવા, કોટિક જીભ ફેલતો

ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે;
ખંડેરની ભસ્મકણી ન લાધશે !

ઉમાશંકર જોષી